**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૭ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૫ ટકા

# સંસ્કૃતિકુંજમાં ૨૫મીથી વસંતોત્સવ

ગાંધીનગર, તા. ૧૬

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ૨૫મો વસંતોત્સવ યોજાશે. તા. ૨૫ ફેબ્રુઆરીથી ૫ માર્ચ દરમિયાન સંસ્કૃતિકુંજ અને સરિતાઉદ્યાન ખાતે બપોરે ૨ થી ૧૦ વાગ્યા સુધી વસંતોત્સવ યોજાનાર છે. જ્યાં વિવિધ શહેરમાંથી આવેલા કારીગરો દ્વારા બેનમૂન હસ્તકલા અને હાથશાળની ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવશે. આ ઉપરાંત રજતજયંતી વર્ષ ૨૦૨૦ સંદર્ભે એક ભારત શ્રેષ્ઠ ભારત'ની થીમ ઉપર ઉજવણી કરવામાં આવશે. જે સંદર્ભે સાંજે ૭ થી ૧૦ કલાક દરમિયાન ભારતના ૧૦ રાજ્યોના સુપ્રસિદ્ધ કલાકારો દ્વારા સાંસ્કૃતિક પ્રસ્તુતિ તથા ગુજરાતના લોકપ્રિય કલાકારો દ્વારા લોકગીત નૃત્ય અને પારંપારિક વાદ્યોની પ્રસ્તુતિ કરવામાં આવશે.

સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત વિવિધ રાજ્યો દ્વારા નૃત્યોની પ્રસ્તુતિ તથા ગુજરાતના કલાકારો દ્વારા સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવશે. જે અંતર્ગત ૨૫ ફેબ્રુઆરીના રોજ છત્તીસગઢનું ઓડીસી નૃત્યુ અને મનહર ઉધાસનો સંગીત કાર્યક્રમ ૨૬ ફેબ્રુઆરીએ પંજાબનું ભાંગડા અને ઉમેશ બારોટની સંગીત પ્રસ્તુતિ, ૨૭ ફેબ્રુઆરીએ ઉત્તરપ્રદેશનુ મયૂર નૃત્ય અને કિંજલ દવે દ્વારા સંગીત પ્રસ્તુતિ, ૨૮ ફેબ્રુઆરીના રોજ આસામનુ



બિહુ નૃત્ય અને અભિતા પટેલનો સંગીત કાર્યક્રમ, ૨૯ ફેબ્રુઆરીએ મણિપુરનો મણિપુરી રાસ અને દેવ ભટ્ટનો સંગીત કાર્યક્રમ, ૧ માર્ચના રોજ પશ્ચિમ બંગાળનું પુરૂલીયા છાઉ તથા ગીતા રબારીનો સંગીત કાર્યક્રમ, ૨ માર્ચના રોજ તમિલનાડુનુ ભતનાટ્યમ અને બિહારીભાઈ ગઢવીનો સંગીત કાર્યક્રમ, તા. ૩ માર્ચના રોજ કેરાલાનુ કથકલી નૃત્ય અને જીજ્ઞેશ કવિરાજનો સંગીત કાર્યક્રમ, ૪ માર્ચના રોજ જન્મુ-કાશ્મીરનું રાઉફ અને બચનગમા અને સંગીતા અને વિક્રમ લાબડીયાનો સંગીત કાર્યક્રમ તથા તા. ૫ માર્ચના રોજ ઓરિસ્સાનુ ગોટીપુઆ તથા પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી, હિમાંશુ ચૌહાણ અને ઈન્દીરાબેન શ્રીમાળીનો સંગીત કાર્યક્રમ યોજાશે.

ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા શહેરીજનો સંસ્કૃતિ કુંજની મુલાકાત લેવા તથા સાંસ્કૃતિ કાર્યક્રમોનો લાભ લેવા જણાવાયું છે.

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર યોજાયો

### સે-૧૬ બ્રહ્મભવન ખાતે ૩૦ બટુકોએ અજ્ઞોપવિત સંસ્કાર ધારણ કર્યા



ગાંધીનગર, તા. ૧૬

સમસ્ત બ્રહ્મસમાજ સે. ૨૩ દ્વારા સે. ૧૬ સ્થિત સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન ખાતે છઠ્ઠો સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ યોજાયો હતો. જેમાં કુલ ૩૦ બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવ્યા હતા. આ અવસરની આગલી રાત્રે રાસ-ગરબા અને સંગીત સંધ્યા તથા રવિવારના રોજ સવારે ૬ વાગ્યાથી ૪ યજ્ઞોપવિત સંસ્કારની શરૂઆત થઈ હતી.

આ પ્રસંગે બટુકોને આર્શીવચન આપવા ગુડાના પૂર્વ ચેરમેન આશિષભાઈ દવે, સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર પ્રમુખ પિનાકીન રાવલ, પેથાપુર નગરપાલિકા મહેન્દ્રસિંહ વાઘેલા, નિવૃત્ત જોઈન્ટ સેક્રેટરી બંકીમચંદ્ર મહેતા, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, અગ્રણી બિલ્ડર મિલીન્દભાઈ પુરોહિત, પેથાપુરના અગ્રણી વેપારી કિરણભાઈ મહેતા, ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના એમ.ડી. પંકજભાઈ શુકલ, મહાનગરપાલિકાના કોર્પોરેટર નીલાબેન શુકલ તથા અન્ય મહિલા કોર્પોરેટર પ્રવિણાબેન વોરા, હિરલબેન જોષી અને પ્રિતીબેન દવે ખાસ હાજર રહ્યા હતા.

## શામ-એ-ગઝલમાં શ્રોતાઓએ જગજીતસિંઘની ગઝલોની મહેફિલ માણી




ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સેક્ટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે તા. ૧૫મી ફેબ્રુઆરી શનિવારે ગઝલસમ્રાટ જગજીતસિંઘને તેમની ૭૯મી જન્મ જયંતિ પ્રસંગે સ્મરણાંજલિ આપતો કાર્યક્રમ શામ-એ-ગઝલ યોજાઈ ગયો. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી અરવિંદ વોરા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં નીરવ શ્રીમાળીએ જગજીતસિંઘના અંદાજમાં તેમની સુપ્રસિદ્ધ ગઝલો પ્રસ્તુત કરી હતી શ્રોતાઓને ડોલાવ્યા હતા.

શામ-એ-ગઝલ કાર્યક્રમમાં નીરવ શ્રીમાળીએ પ્રસ્તુત કરેલી ગઝલોમાં "હજારો ક્વાઈશે ઐસી, તન્હા તન્હા હમ રોલેગે, તુમકો દેખા તો યે ખયાલ આયા, તુમ ઈતના જો મુસ્કુરા રહે હો, હોઠો સે છુલો તુમ, કાગઝ કી કશ્તી, હોશવાલો કો ખબર ક્યા, કીસી રંજીસ કો હવા દો, અહિસ્તા-અહિસ્તા વગેરે સહિત અન્ય ગઝલો ઉપરાંત એક ગુજરાતી ગઝલ "દુર્દશાનો એટલો આભાર હોય છે' તેમજ જગજીતસિંહનું પસંદગીનું પંજાબી ગીત "મીટ્ટી દા બાબા મૈ. બના દિયા" પ્રસ્તુત કર્યુ હતુ. કાર્યક્રમમાં તબલાવાદન અરવિંદ વોરા, ગીટાર અને વાંસળીવાદન સુંદર જાલોરા, કી-બોર્ડની ધૂન હિતેષ ગોહિલ તથા ઓક્ટોપેડની ખનક કંચન લંગલે સંભાળી હતી. કાર્યક્રમનું રસપ્રદ સંચાલન બિજોય તિવારીએ કર્યુ હતુ. કાર્યક્રમના આયોજન માટે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયોના અજિતસિંહ પરમાર, આર.કે. રાવલ અને શ્રવણકુમાર પરમારે સહયોગ પુરો પાડ્યો હતો. કાર્યક્રમને મોટી સંખ્યામાં શ્રોતાઓએ માણ્યો હતો.

## ગ-૫ પાસે કાર ચાલકે કાબુ ગુમાવતા વિજપોલ ધરાશાયી

ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર બેફામ ગતિએ વાહનો હંકારતા ચાલકો કાબુ ગુમાવતા સર્કલ કે ડીવાઈડર પર ગાડી ચડી જવાના કિસ્સા બનતા રહે છે. તાજેતરમાં ચ-૬ સર્કલની વચ્ચોવચ ડમ્પર જતુ રહ્યું હતું. ત્યારે ગતરોજ રાત્રીના સુમારે એક વરના કારના ચાલકે ગ-૫ પાસે અચાનક કાર પરનો કાબુ ગુમાવતા કાર વિજપોલ સાથે ધડાકાભેર ટકરાઈ હતી કે વિજપોલ નીચે પડી ગયો હતો. જો કે આ અકસ્માતમાં ગાડીની એરબેગ ખુલી જતા કારમાં સવાર કોઈને ખાસ ઈજા પહોંચી ન હતી. કારમાં સવાર નાગરીકોનો આબાદ બચાવ થયો હતો. જો કે કારના આગળના ભાગનો ખુડદો બોલી ગયો હતો. જો કે અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો ટોળે વળ્યા હતા.





## મહુન્દ્રા પાટીયા પાસે બે બાઈક વચ્ચે અકસ્માત

ચિલોડા-હિંમતનગર માર્ગ પર મહુન્દ્રા પાટીયા પાસે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં મુળ સાબરકાંઠા જિલ્લાના સાબલી-કોટગા ગામના અને અમદાવાદ કૃષ્ણનગર નવા નરોડા ખાતે નીલકંઠ સોસાયટીમાં સી-૭૭ મકાન ખાતે રહેતા જયાબેન રાકેશભાઈ વણકર (ઉં.વ.૩૩) ગતરોજ સવારના સુમારે ફરીયાદી પોતાના પતિ રાકેશભાઈ અને ત્રણ વર્ષિય દિકરા હેત સાથે પોતાના ગામ સાબલી-કોટડા બાઈક નં.જી.જે.૦૧.એસ.યુ.-૯૨૧૩ લઈને જઈ રહ્યા હતા તે સમયે ચિલોડા પાસે મહુન્દ્રા પાટીયા નજીક રોંગ સાઈડે પુર ઝડપે ગફલતભરી રીતે વાહન જી.જે.૧૮.સી.એફ.-૧૬૮૬ હંકારી સામે આવી રહેલા બાઈક ચાલક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં નરોડાના પરિવારને ઈજા પહોંચી હતી. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સરકારી કચેરીઓમાં કર્મચારીઓની ઘટ સામે ફાઈલોના વધતા ઢગની સ્થિતિ

### નિવૃત્ત થયેલા કર્મચારીઓની સાપેક્ષે અટવાયેલી ભરતી પ્રક્રિયા : જે નવા કર્મચારીઓની ભરતી થઈ તેની નજર ઉપલા વર્ગની પરીક્ષા પાસ કરવા પર વધુ : એક અધિકારી પાસે બે થી ત્રણ વિભાગના ચાર્જ પરંતુ કામ કરનારા કર્મચારીની અછત




ગાંધીનગર, તા.૧૬

રાજયમાં છેલ્લા કેટલાક સમયથી સરકારી નોકરીઓ માટેની ભરતી પરીક્ષાથી માંડીને ભરતી પ્રક્રિયા અંગે યુવાનોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે કેમ કે અવારનવાર આ પરીક્ષાઓથી માંડીને ભરતી પ્રક્રિયામાં છબરોડાં તથા કૌભાંડ સર્જાવાની ઘટનાઓ બહાર આવી રહી છે જેના કારણે સરકારી નોકરીની આશ લઈને બેઠલા યુવાનોને લાંબા સમયથી ખોરંભે ચઢેલી ભરતી પ્રક્રિયામાં અટવાઈને તેમની કારકિર્દીનો મહત્વના સમયનો વેડફાટ થતો હોવાનું અનુભવાઈ રહ્યું છે. બીજી તરફ સરકારી વહીવટી તંત્રમાં સચિવાલયથી માંડીને લગભગ દરેક સરકારી વિભાગોમાં કર્મચારીઓની ઘટનો પ્રશ્ન સતાવી રહ્યો છે જેના કારણે સરકારના જનહિતના કાર્યો પણ ખોરંભે ચઢી રહ્યા હોવાની સ્થિતિ જોવા મળી રહી છે. આ પરિસ્થિતિમાં સરકારી કચેરીઓમાં ફાઈલોના ઢગલાં વધતા જઈ રહ્યા છે અને પ્રજાના કામો અટવાઈ રહ્યા છે તેવો અહેસાસ નાગરિકોને થઈ રહ્યો છે તે સાથે સરકારી કર્મચારીઓ પર કામનો બોજ વધી રહ્યો હોવાની પણ રાવ ઉઠવા પામી રહી છે.

સરકારી વહીવટી તંત્રમાં ઉચ્ચ સનદી અધિકારીઓથી માંડીને વર્ગ-૪ સુધીના કર્મચારીઓ હોય છે જે દરેક વર્ગની અલગ અલગ જવાબદારી તેમની યોગ્યતા મુજબ તેમને સોંપવામાં આવેલી હોય છે. સરકારી નોકરીમાં નિવૃત્તિની વય મર્યાદા પણ નિશ્ચિત કરી દેવામાં આવી છે તે પછી કેટલાંક સંજોગોમાં શરતોને આધિન મર્યાદિત ધોરણે કાર્યકાળ લંબાવી શકાતા હોય છે. આ સાથે વહીવટી તંત્રમાં બઢતી બદલીના પણ ચોકકસ નિયમો અને ધારાધોરણ ઘડવામાં આવેલા છે જેને આધિન તે પ્રક્રિયા હાથ ધરાતી હોય છે. કર્મચારીઓની વયમર્યાદા કે સ્વૈચ્છિક નિવૃત્તિની સામે નવા કર્મચારીઓની ભરતી કરવામાં આવે છે અને આ માટે પણ ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ કે જીપીએસસી જેવી વ્યવસ્થા હેઠળ ચોકકસ નિયમોને આધિન ભરતી પ્રક્રિયા યોજાય છે. સરકારના વિવિધ વિભાગોમાં કર્મચારીઓની પડતી ઘટ કે જરૂરિયાત અંગે જે તે વિભાગ દ્વારા સામાન્ય વહીવટી વિભાગને જાણ કરવાની હોય છે અને સામાન્ય વહીવટી વિભાગ દ્વારા પણ ચોકકસ નીતિ નિયમોને આધિન રહી જે તે વિભાગની કર્મચારીની ઘટ પુરી કરવા ભરતી કે બદલી પ્રક્રિયા હાથ ધરવાની હોય છે. જો કે અત્યારે સચિવાલય સહિતની મોટા ભાગની સરકારી કચેરીઓમાં એવી હાલત જોવા મળી રહે છે જેમાં એક એક અધિકારી પાસે બે થી ત્રણ વિભાગોના ચાર્જ હોય તેમજ વિભાગોમાં કાર્ય બોજના પ્રમાણમાં પુરતા કર્મચારી ના હોય વળી, કર્મચારીઓની ભરતી પ્રક્રિયા પૂર્ણ થતી ના હોવાથી લાંબા સમયથી જગ્યાઓ ખાલી પડી હોય જેના કારણે જે કર્મચારીઓ કાર્યરત છે તેમના પર કાર્યબોજ ખુબ વધી જવા પામ્યો હોય. આ સ્થિતિના કારણે લગભગ મોટાભાગની સરકારી કચેરીઓમાં ફાઈલોના ઢગલાં વચ્ચે કાર્યો વિલંબમાં અટવાયેલા હોવાની ફરિયાદો ઉઠી રહી છે.


તસવીર પ્રતિકાત્મક છે

આ પ્રકારની સ્થિતિ સર્જાવામાં ઘણા બધા કારણોનો ફાળો જોવા મળી રહ્યો છે. એક તો થોડા વર્ષો પૂર્વે સરકારના વહીવટીતંત્રમાં લાંબા સમય સુધી ભરતી પ્રક્રિયા અટકાવી લેવાની નીતિ અખત્યાર કરવામાં આવી હતી. આ પછી લાંબા સમયે ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ પરંતુ તે સાથે કરાર આધારિત ભરતી પ્રક્રિયા પણ અપનાવવામાં આવી હતી. નિશ્ચિત પગારધોરણમાં હાથ ધરાયેલી આ પધ્ધતિથી જે કર્મચારીઓની ભરતી કરાઈ તેઓ એક તો અનુભવહીન હોવા સાથે પોતાને કાયમી ભરતીમાં સામેલ કરવા પ્રયત્નશીલ હોવાથી તેમનું ધ્યાન ભરતી પરીક્ષાઓની તૈયારીઓ પર વધુ રહેતું જેના કારણે તેમની રજાઓની સંખ્યા પણ વધુ રહેતી જોવા મળી. બીજું કે સામાન્ય રીતે અગાઉ જુના અધિકારી તેમના હેઠ નીચેના કર્મચારીઓને કાર્ય પધ્ધતિ શિખવાડતા જતા તેવો શિરસ્તો હતો જેથી તેઓ બઢતી પામે ત્યારે કાર્યભારને યોગ્ય રીતે સંભાળી શકે પરંતુ છેલ્લા કેટલાક સમયમાં નિવૃત્ત થતા અધિકારીઓ-કર્મચારીઓની સંખ્યા મોટી રહી છે. છેલ્લા કેટલાક સમયમાં અનેક ભરતી પ્રક્રિયાઓ કોઈને કોઈ કારણોસર વિવાદમાં કે કૌભાંડમાં ફસાવાને કારણે અટવાઈ પડી હોવાની સ્થિતિમાં જેટલી પણ ભરતી પ્રક્રિયા પાર પડી તેમાં અધિકારી અને કર્મચારી બંને નવા તેમજ અનુભવવિહીન હોવાની સ્થિતિ સર્જાવા પામી. જેના કારણે જે ગતિથી વહીવટી કાર્ય આટોપાવા જોઈએ તે ગતિ આપોઆપ મંદ પડી જવા પામી છે. આ સ્થિતિમાં સરકારે નિવૃત્ત અધિકારીઓના કાર્યકાળને લંબાવવાનો વિકલ્પ અપનાવ્યો છે પરંતુ તેમાં પણ રહેલી કેટલીક મર્યાદાઓને કારણે તે ઉપયોગી હોવા છતાં સંપૂર્ણ રીતે યોગ્ય ઉકેલ સાબિત થઈ શકે તેમ નથી.

ટૂંકમાં હાલ સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં એવી હાલત જોવા મળી રહી છે કે જૂના અનુભવી કર્મચારીઓ નિવૃત્ત થઈ ગયા છે, નવા કર્મચારીઓની ભરતી થતી નથી અને અધિકારીઓ પર બે થી ત્રણ વિભાગના ચાર્જ છે પરંતુ પુરતું કર્મચારી સંખ્યા બળ નથી. વળી આ સ્થિતિમાં કેટલાક આળસુ અને કામની જવાબદારીને ટાળતા કર્મચારીઓની કામચોરી પણ સ્થિતને વધુ વકરાવી રહી છે જયારે નવા ભરતી થયેલા કર્મચારીઓ હજુ પણ ઉપરના વર્ગમાં નોકરી મળી જાય તે માટે તેની પરીક્ષાની તૈયારીઓમાં વધુ વ્યસ્ત હોય જેના કારણે રજાઓ પર હોય તેવી સ્થિતિ છે. સરવાળે સરકારી કચેરીઓમાં ફાઈલોના ઢગલા ખાલી થવાનું નામ લેતા નથી અને બહાર બેરોજગાર યુવાનો નોકરીની રાહ જોઈને કતારમાં બેઠા છે.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**લવ આજ કલ ૨૦૨૦**
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૫, ૧.૦૫, ૨.૦૫, ૩.૧૦, ૪.૧૦, ૬.૧૫, ૭.૧૫, ૯.૨૦, ૧૦.૨૦
**મલંગ**
૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૧.૦૦
**સ્ટ્રીટ ડાન્સર** - ૧.૦૦
**સફળતા ઝીરો કિમી** (ગુજરાતી)
૧૦.૧૫

**સિટી પલ્સ, કુડાસણ**

**લવ આજ કલ ૨૦૨૦**
૧૧.૩૦, ૧.૦૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૩૦, ૭.૦૦, ૯.૩૦, ૧૦.૦૦
**મલંગ**
૩.૩૦, ૯.૩૦
**તાન્હાજી** - ૬.૩૦
**શિકારા** - ૧૨.૪૫
**સ્ટ્રીટ ડાન્સર** - ૧૨.૩૦
**અફરા તફરી (ગુજરાતી)**
૩.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૪૫
**સફળતા ઝીરો કિમી** (ગુજરાતી)
૯.૪૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**લવ આજ કલ ૨૦૨૦**
૯.૧૫, ૧૦.૧૫, ૧૧.૧૫, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૧૫, ૩.૧૫, ૪.૧૫, ૫.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૮.૧૫, ૯.૧૫, ૧૦.૧૫
**મલંગ**
૧૦.૦૦, ૧.૨૦, ૭.૧૦, ૧૦.૦૦
**સ્ટ્રીટ ડાન્સર ૩**
૪.૧૦
**તાન્હાજી**
૧૦.૩૦
**સફળતા ૦ કીમી (ગુજરાતી)**
૯.૪૫
**અફરા તફરી (ગુજરાતી)**
૧૨.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**લવ આજ કલ ૨૦૨૦**
૯.૦૦, ૧૦.૧૫, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧.૧૫, ૧.૪૫, ૨.૪૫, ૪.૪૫, ૫.૪૫, ૭.૪૫, ૮.૪૫, ૧૦.૪૫
**મલંગ**
૯.૪૦, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦
**સ્ટ્રીટ ડાન્સર ૩**
૧.૦૫
**તાન્હાજી**
૧૦.૧૫
**સફળતા ૦ કીમી (ગુજરાતી)**
૪.૦૫
**અફરા તફરી (ગુજરાતી)**
૧૦.૦૦
**ચાલ જીવી લઈએ**
૧૨.૧૫

## આર્ટ ઓફ લીવીંગ હેપીનેસ પ્રોગ્રામ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

રવિશંકરજી પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના ગાંધીનગર એકમ દ્વારા હેપીનેસ પ્રોગ્રામનું આયોજન ૧૮ વર્ષથી મોટી ઉંમરના નાગરીકો માટે તા. ૧૮ ફેબ્રુઆરીથી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવ્યું છે. સવારે ૬ થી ૯ અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦ દરમિયાન સે. ૧૧ સ્થિત મેઘમલ્હાર કોમ્પલેક્ષ આઠમા માળે યોજાશે. આ શિબિરમાં ભાગ લેવા તથા વધુ માહિતી માટે સ્થળ પર તથા સુરેશભાઈ પરમારનો ૯૪૨૬૩૦૦૩૦૩નો સંપર્ક કરવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ મથુરભાઈ મફતલાલ, ઉ.વ. ૬૬
- સ્વ. ભરવાડ કરમણભાઈ જગમાલભાઈ, ઉ.વ. ૯૦
- સ્વ. જીજીબેન ભુલાજી ઠાકોર, ઉ.વ. ૬૪
- સ્વ. રામજીભાઈ કચરાભાઈ રાઠોડ, ઉ.વ. ૭૩
- સ્વ. દેવજીભાઈ ભલાભાઈ સોલંકી, ઉ.વ. ૬૨